અરજી દાખલ કર્યા તા.  /  /૨૦૦૫

કેસ ફેંસલ કર્યાની તા.  /  /૨૦૦૫

સમયગાળો:વર્ષ.........માસ.....દિવસ

**<u>અમદાવાદ(ગ્રામ્ય) જીલ્લાના મહે.બીજા એડી ડીસ્ટ્રીકટ જજ તેમજ મોટર</u>**

**<u>કલેઈમ ટ્રીબ્યુનલ સાહેબ સમક્ષ,મુકામ. : મીરઝાપુર,અમદાવાદ.</u>**

**<u>એમ.એ.સી.પી. નં. ૭૨/૨૦૦૫</u>**

આંક:

**<u>અરજદાર</u>** :- (૧) ભગીરથસીંહ બચુભા ગોહીલ જે મરણ જતાં
(આંક-૨૭ ની અરજી નીચે હુકમ કરી તેમના
પ્રતિનિધિ )

૧ ચતુરસિંહ બચુભા ગોહીલ
ઉ.વ.આ. ૭૦, ધંધો- ખેતી
રહે.ખારડી, તા. ગારીયાધર
જિ.ભાવનગર

**-:વિરુદ્ધ:-**

**<u>સામાવાળા</u>** :- (૧) સુરેન્દ્રસીંહ મનોહરસીંહ સોલંકી(રાજપુત)
(આંક-૧૬ ની અરજીથી ડીલેટ કરેલ છે.)
ડ્રાયવર -ટ્રક નં. આર.જે.૨૭.૧.જી.૦૪૨૭
ઉ.વ.૩૭,ધર્મે -હીન્દુ,
રહે. આદીવાસ, તા. જાલોર,
જિ.ઉદેપુર, (રાજસ્થાન)

(૨) ટ્રક નં. આર. જે. ૨૭.૧.જી-૦૪૨૭ ના માલિક
લાખાવાલા ટેન્કર
ઉ.વ.પુખ્ત,ધર્મે -હીન્દુ, ધંધો-વેપાર
રહે. ૨૬૫, રેતી સ્ટેન્ડ, ચોક,
ઉદેપુર, (રાજસ્થાન)

(૩) ટ્રક નં. આર.જે. ૨૭.૧.જી-૦૪૨૭
નેશનલ ઈન્સ્યોરન્સ કં.લી.
ઠે. રીજયોનલ ઓફીસ,
હસુભાઈ ચેમ્બર્સ , ટાઉનહોલ,
એલિસબ્રિજ, અમદાવાદ,

**<u>બાબત:- અકસ્માતનું વળતર રૂા. ત્રણ લાખ વળતર મેળવવા બાબતની અરજી</u>**

| | |
|---|---|
| અરજદાર તરફે | વિ.વ. શ્રી બી. આર. પુજારા |
| સામાવાળા નં.૨ તરફે | ગેર હાજર – એક તરફી |
| સામાવાળા નં.૩ તરફે | વિ.વ. શ્રી. એ. ઓ. ચુડઘર |

## –: ચુકાદો :–

**૧.** આ અરજીના કામે મુળ અરજદાર ભગીરથસીંહ બચુભા ગોહીલ હતા જેઓને ચાલુ અરજી દરમ્યાન તા.૧૨/૦૮/૨૦૧૧ ના રોજ અવસાન પામેલ હોવાથી તેમના વારસદાર અને પ્રતિનીધી તરીકે તેમના નાનાભાઈ ચતુરસિંહ બચુભા ગોહીલનાઓ આંક–૨૭ થી અરજદાર તરફે જોડાવાની અરજી આપતાં તે અરજી મંજુર કરી તેઓને આ કામના અરજદાર તરીકે જોડેલા છે.

૨. આ કામે મુળ અરજદાર ભગીરથસીંહ બચુભા ગોહીલને તા.૧/૧૧/૨૦૦૪ ના રોજ વટામળ બગોદરા હાઈવે રોડ પર અકસ્માત થતાં તેઓએ હાલની વળતર અરજી કરેલ છે. અને અરજીની કાર્યવાહી દરમ્યાન મુળ અરજદાર તા.૧૨/૮/૧૧ ના રોજ અવસાન પામતા વારસદાર તરીકે તેમના ભાઈ આ અરજીના કામે વારસદાર તરીકે જોડાયા છે. અરજીની હકીકત ધ્યાને લેતાં તા. ૧૧/૧૧/૦૪ ના રોજ આ કામના અરજદાર જીજે.૪.વી.૬૭૦૯ નં.ની ટ્રક પર કંડકટર તરીકે નોકરી કરતા હતા અને અકસ્માત સમયે તેઓ તે ટ્રક રોડની બાજુમાં ઉભી રાખી ટ્રકની પાછળ સ્ટર્ડ ટાઈટ કરતા હતા તે સમયે આ કામના સામાવાળા નં.૧ ના સામાવાળા નં ૨ ની માલીકી ટ્રક નં. આર. જે. ૨૭–૧–૦૪૨૭ પુરઝડપે અને

બેદરકારી પુર્વક ચલાવતા હતા અને તે ટ્રક તેઓ વટામણ બાજુથી પુરઝડપે , નિષ્કાળજી અને બેદરકારીપુર્વક ચલાવી લાવી અરજદાર તેમની ટ્રક માં જે કામ કરતા હતા તે ટ્રકના પાછળના ભાગે અથડાવી દીધેલ. જેથી ટ્રકને નુકશાન થયેલ તેમજ મુળ અરજદારને પણ ગંભીર ઈજાઓ થયેલી અને તેમાં અરજદારને ડાબા પગે ઘુંટણના નીચેના ભાગે નળામાં અસ્થિભંગ થયેલો. જમણા પગે પાની તેમજ પંજાના ભાગે ગંભીર ઈજાઓ થયેલી. તથા ડાબા હાથના કાંડાના ભાગે અસ્થિભંગ થયેલો અને માથામાં તેમજ શરીરના અન્ય ભાગે ઈજાઓ થયેલી. જેથી અરજદારને સારવાર અર્થે ધોળકા ખાતે ચિંતન હોસ્પિટલમાં દાખલ કરેલા. જયાં અંદરના દર્દી તરીકે તેઓને સારવાર કરેલી. અકસ્માત સબંધી ફરીયાદ અકસ્માત કરનાર ટ્રકના ડ્રાયવરે આપેલી છે અને તે આધારે કોઠ પોલીસ સ્ટે. સે.ગુ.ર.નં.૬૪/૨૦૦૪ થી ઈપીકો કલમ-૨૭૯,૩૩૭, તથા મો.વ્હી. એકટ ની કલમ-૧૭૭,૨૮૪ મુજબનો ગુનો નોંધાયેલો અને તપાસના અંતે આ કામના સામાવાળા નં.૧ ની સામે કોર્ટમાં ચાર્જશીટ થયેલ છે. આમ, અકસ્માતમાં અરજદારને જે ઈજાઓ થયેલી તેના કારણે અરજદારને કાયમી શારીરીક ખોડ રહેલી તેથી અરજદારને શારીરીક તેમજ કમાવાની ક્ષમતામાં ઘટાડો થયેલો છે. તેમજ અરજદારને સારવારમાં વાહન વ્યવહાર દવા તેમજ ખાસ ખોરાક વીગેરેમાં ખર્ચ થયેલ હોય અને ઈજાના કારણે તેઓને દુ:ખ, દર્દ, યાતના, પીડા સહન કરવી પડેલ હોય તમામના વળતર હેઠળ અરજદારે રૂા.૩,૦૦,૦૦૦/- મેળવવા હાલની અરજી કરી છે.

૩. વધુમાં જણાવેલ છે કે, આ કામના સામાવાળા નં. ૧ ટ્રક નં આર. જે.૨૭.૧ -૦૪૨૭ ના ડ્રાયવર હતા સામાવાળા નં.૨ તેના માલીક હતા અને સામાવાળા નં.૩

તેની વીમા કંપની હોય તમામ સામાવાળાઓ અરજદારને વળતરની રકમ ચુકવવા સંયુકત અને વિભકત રીતે જવાબદાર છે.

૩. અરજી સબંધે સામાવાળા નં.૧ જે ટ્રકના ડ્રાયવર છે તેઓને નોટીસ બજાવવા મોકલતા તેઓનું ચોકકસ સરનામું ન હોવાથી તેઓને નોટીસ બજેલ નથી. જેથી આ કામે અરજદારે આંક-૧૬ થી અરજી આપી તેઓને ડીલીટ કરેલા છે જયારે સામાવાળા નં. ૨ તથા ૩ નાઓને અરજીની નોટીસ કાયદેસર બજી ગયેલ છે પરન્તુ સામાવાળા નં. ૧ ના અત્રેની ટ્રીબ્યુનલ સમક્ષ હાજર રહયા નથી. જેથી તેઓ સામે એકતરફી કાર્યવાહી ચલાવાવનો હુકમ કરવામાં આવે છે. જયારે સામાવાળા નં. ૩ નાઓ તેમના વિ.વ.શ્રી. મારફતે અત્રેની કોર્ટમાં હાજર થયેલ છે. અને તેઓએ અરજીનો જવાબ આ કામે આંક-૧૫ થી રજુ કરેલ છે. તેમાં તેઓએ મુખ્યત્વે અરજદારની અરજીની હકીકતોનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે. તેઓએ વધુમાં જણાવેલ છે કે જે અકસ્માત થયેલ છે તે તેઓના વાહનના ડ્રાયવરની નિષ્કાળજી કે બેદરકારીના કારણે થયેલ નથી. તેમજ જવાબમાં તેઓએ અરજદારની ઉંમર, આવક, તેમજ કાયમી ખોડ અંગેની હકીકતોનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે અને જણાવેલ છે કે અરજદારે અરજીમાં જણાવ્યા મુજબની વળતરની રકમ મેળવવા હકદાર નથી. જેથી અરજદારની વળતર અરજી રદ કરવા રજુઆત કરી છે.

૪. આ કામે અરજદારની અરજી, રજુ થયેલ દસ્તાવેજી પુરાવા તેમજ સામાવાળા નં ૩ નું લેખિત નિવેદન વિગેરે તમામ ધ્યાને લેતાં હાલની વળતર અરજીના આખરી ન્યાય નિર્ણય અર્થે અત્રેની ટ્રીબ્યુનલે અગાઉ

તા. ૩૧/૦૧/૨૦૧૨ ના રોજ મુદ્દા કાઢેલા છે. જે નીચે મુજબ છે.

1. Whether the petitioner /(s) proves that the he/she sustained injuries because of the rash and negligent driving of the driver of the vehicle involved in the accident ?

2. Whether the petitioner is entitled to compensation ? if yes what amount ? and who is liable to pay the compensation ?

3. What order and award ?

ઉપરોકત મુદ્દાના નિર્ણય મારા મત મુજબ નીચે મુજબ છે.

મુદ્દા નં.૧. અંશત: હકારમાં

મુદ્દા નં.૨. અંશત: હકારમાં

મુદ્દા નં.૩. આખરી હુકમ મુજબ.

## કારણો

### મુદ્દા નં.૧ ની ચર્ચા :-

આ કામે અરજદારે તેઓની અરજીના સમર્થનમાં જે પુરાવા રજુ કર્યા છે તે નીચે મુજબ છે.

**<u>મૌખિક પુરાવા :-</u>**

(૧) અરજદાર ચતુરસિંહ બચુભાઈ ગોહીલની સરતપાસ આંક-૪૩

**<u>દસ્તાવેજી પુરાવા :-</u>**

(૧) ફરીયાદ આંક-૪૪
(૨) બનાવવાળી જગ્યાનું પંચનામું આંક-૪૫
(૩) ચિંતન હો.નું ઈન્ઝરી સર્ટીફીકેટ આંક-૪૬
(૪) કાયમી ખોડ ઘટાડા અંગેની પુરશીશ ૪૦ ટકા થી ૨૦ ટકા આંક-૪૭
(૫) ડો. મનીષ બી. પટેલનું ડીસએબીલીટી સર્ટીફીકેટ-આંક-૪૮

અરજદારે ઉપર મુજબના પુરાવા રજુ કર્યા છે જયારે આંક-૪૯ ની પુરશીશ થી તેઓનો પુરાવો બંધ કર્યો છે. જયારે સામાવાળા નં.૩ નાએ આંક-૫૧ ની પુરશીશ થી તેઓનો પુરાવો બંધ કર્યાની જાહેરાત કરી છે.

**૫.** આ કામે અરજદાર તરફે તેમના વિ.વ.શ્રી. તેમજ સામાવાળા નં. ૩ તરફે તેમના વિ.વ.શ્રી.એ જે દલીલો કરી છે તે ધ્યાને લીધી.

**૬.** આ કામે અરજદાર તરફે તેઓની અરજીના સમર્થનમાં આંક-૪૩ થી તેઓની સોગંદ પરની સરતપાસ રજુ થયેલ છે તેમાં અરજદારે મુખ્યત્વે જણાવેલ છે કે તા. ૧૧/૧૧/૦૪ ના રોજ આ કામના અરજદાર જીજે.૪.વી.૬૭૦૯ નં.ની

ટ્રક પર કંડકટર તરીકે નોકરી કરતા હતા અને અકસ્માત સમયે તેઓ તે ટ્રક રોડની બાજુમાં ઉભી રાખી ટ્રકની પાછળ સ્ટડ ટાઈટ કરતા હતા તે સમયે આ કામના સામાવાળા નં.૧ ના સામાવાળા નં ૨ ની માલીકી ટ્રક નં. આર. જે. ૨૭–૧–૦૪૨૭ પુરઝડપે અને બેદરકારી પુર્વક ચલાવતા હતા અને તે ટ્રક તેઓ વટામણ બાજુથી પુરઝડપે , નિષ્કાળજી અને બેદરકારીપુર્વક ચલાવી લાવી અરજદાર તેમની ટ્રક માં જે કામ કરતા હતા તે ટ્રકના પાછળના ભાગે અથડાવી દીધેલ. જેથી ટ્રકને નુકશાન થયેલ તેમજ મુળ અરજદારને પણ ગંભીર ઈજાઓ થયેલી. અકસ્માત સબંધી કોઠ પો. સ્ટે માંફ રીયાદ આપતાં ધોળકા પો. સ્ટે. સે. ગુ.ર.નં. ૬૪/૨૦૦૪ થી ઈપીકો કલમ–૨૭૯,૩૩૭ તથા મો.વી.એકટ,૧૭૭,૧૮૪ મુજબનો ગુનો નોંધાયેલ.

**૭.** વધુમાં અરજદારે આ કામે તેઓની અરજી તેમજ જુબાનીની હકીકતના સમર્થનમાં આંક–૪૪ થી ફરીયાદ રજુ કરેલ છે તે ફરીયાદ ધ્યાને લેવામાં આવે તો તેમાં અકસ્માત કરનાર ટ્રકના ડ્રાયવર સુરેન્દ્રસીંહ મનોહરસીંહ રાઠોડે ફરીયાદ આપેલી છે. તેમાં જણાવેલ છે કે રોડ પર અકસ્માત સમયે આગળ એક ટ્રક બંધ હાલતમાં પડેલ હતી. અને નજીક આવતા તેઓએ ટ્રકને બ્રેક મારેલી પરન્તુ બ્રેક લાગેલ નહી જેથી તેમની ટ્રક આગળ બંધ હાલતમાં પડેલ ટ્રક સાથે ભટકાયેલ. આમ, આ કામના સામાવાળા નં.૧ નાએ અકસ્માત સમયે આગળ બંધ પડેલ હાલતમાં પડેલ ટ્રકને જોયેલી પરન્તુ તકેદારી રાખી બ્રેક મારેલ નહી જેથી તેમની ટ્રક બંધ હાલતમાં પડેલ તેને પાછળના ભાગે અથડાયેલ. વધુમાં આ કામે ઉપરોકત હકીકતના સમર્થનમાં બનાવવાળી જગ્યાનું પંચનામું આંક–૪૫ થી રજુ થયેલ છે. તે ધ્યાને લેવામાં આવે તો બનાવવાળી જગ્યા વટામણ, બગોદરા રોડ

પર આવેલ છે અને બન્ને વાહનો નુકશાન થયેલ હાલતમાં સ્થળ પર પડેલ છે અને તેમાં અકસ્માત કરનાર ટ્રકનો ટ્રક નં આર. જે. ૨૭.૧–૦૪૨૭ જયારે રોડ પર આગળ પડેલ ટ્રક જીજે.૪વી.૬૭૦૯ નો લખેલો છે. આમ, આ પંચનામાંથી ગુનાવાળી જગ્યા અકસ્માતની હકીકત તેમજ અકસ્મતના કારણે થયેલ નુકશાન વીગેરે પુરવાર થાય છે. આ તમામ હકીકતોને અરજદારે તેમની સોગંદ પરની જુબાનીમાં સંપુર્ણ સમર્થન આપેલ છે તેનાથી વીરુઘ્ઘ સામાવાળા નં.ર તથા ૩ નાઓએ આ કામે કોઈ પુરાવો આપેલ નથી. જયારે સામાવાળા નં. ૧ ને આ કામે ડીલેટ કરેલા છે. તેમજ સામાવાળા ઓ તરફે પણ તેઓ અકસ્માત સબંધી પુરાવા આપી શકે તેવા ઈસમો હોવા છતાં તેઓને તપાસેલા નથી. આમ,અરજદારની સોગંદ પરની જુબાનીની હકીકતોને ખંડન કરવા કોઈ સાહેદો તપાસેલ નથી. તે સંજોગોમાં અરજદારની સોગંદ પરની હકીકતો સાચી ન માનવા તેમજ સામાવાળા તરફે લીધેલ બચાવ માનવાને કોઈ કારણ નથી તેમજ સામાવાળા તરફે કોઈ પણ પુરાવાની ગે.હા.માં તેઓની વીરુઘ્ઘ તેવું અનુમાન થઈ શકે છે. આ તમામ હકીકતો ઘ્યાને લેતાં એ હકીકત પુરવાર થાય છે કે અકસ્માત સમયે સામાવાળા નં. ૧ ના જે ટ્રક ચલાવતા હતા તે ટ્રક ચલાવવાની નિષ્કાળજીથી અને બેદરકારીથી ચલાવવાને કારણે અકસ્માત થયેલ છે. અને તે અકસ્માત માટે આ કામના સામાવાળા નં.૧ સંર્પુણ રીતે જવાબદાર છે. આ તમામ હકીકતો ઘ્યાને લેતાં ન્ને ટ્રકના ચાલકે એટલે કે સામાવાળા નં.૧ અકસ્માત માટે સંર્પુણ રીતે જવાબદાર છે તેમ ઠરાવું છુ અને તે મુજબ મુદા નં.૧ નો જવાબ હકારમાં આપુ છુ.

૮. ઉપર જણાવ્યા મુજબ મુદ્દા નં.૧ ની ચર્ચા મુજબ આ અકસ્માત સામાવાળા નં.૧ સંપુર્ણ નિષ્કાળજી અને બેદરકારીના કારણે થયેલ છે તે સંજોગોમાં

અત્રેની ટ્રીબ્યુનલની ફરજ બને છે કે વાહન અકસ્માતમાં અરજદારને જે શારીરીક ઈજાઓ અને તેના કારણે જે આર્થિક નુકશાન થયેલ છે તેનું અરજદારને યોગ્ય, વ્યાજબી અને કાયદેસરનું વળતર આપવુ જોઈએ.

## (૧) <u>પેઈન, શોક એન્ડ સફરીંગ :–</u>

આ તબકકે એ હકીકત નોંધવી ઉલ્લેખનીય છે કે અકસ્માત આ કામના મુળ અરજદાર ભગીરથસીંહ બચુભા ગોહીલને થયેલો છે. અને તેના કારણોસર તેમને જે નુકશાન થયેલું તેના વળતર માટેની હાલની અરજી છે પરન્તુ મુળ અરજદાર હાલની અરજી ચાલતા દરમ્યાન તા.૧૨/૮/૧૧ ના રોજ અવસાન પામેલ છે. અને તેમની જગ્યાએ તેમના પ્રતિનિધિ અને વારસદાર તરીકે તેમના ભાઈ ચતુરસીંહ બચુભા ગોહીલ અરજીના કામે જોડાયેલા છે અને જયારે વળતરના કામે પેઈન, શોક એન્ડ સફરીંગ ના કારણોસર જયારે વળતર આપવાનો પ્રશ્ન ઉભો થાય છે ત્યારે તે કારણોસર માત્ર અકસ્માતમાં ભોગ બનનાર અને અકસ્માતને કારણે જેને ઈજાઓ થયેલ છે. તેવા ઈજાગ્રસ્ત ઈસમને તેવું વળતર આપવાનું હોય છે પરન્તુ આ કામે મુળ ભોગ બનનાર અરજદાર અવસાન પામેલા છે અને તેમની જગ્યાએ અરજદાર તરીકે તેમના ભાઈ જોડાયેલા છે જેથી તેઓ આ હેડ નીચે વળતરની કોઈ રકમ મેળવવા હકદાર નથી. જેથી આ હેડ નીચે તેઓને વળતરની કોઈ રકમ આપવામાં આવતી નથી.

## (૨) <u>ભવિષ્યના આવકની નુકશાની:–</u>

આ કામે મુળ અરજદારના કેસની હકીકત એવી છે કે અકસ્માત સમયે મુળ અરજદારની ઉંમર અકસ્માત સમયે ૩૦ વર્ષની હતી અને જે સબંધી અરજદારે આ કામે કોઈ પુરાવો રજુ કરેલ નથી. પરન્તુ આ કામે આંક–૪૬ થી અરજદારનો ચિંતન હોસ્પિટલનું ઈન્જરી સર્ટીફીકેટ રજુ થયેલ છે અને તે દસ્તાવેજ અરજદાર તરફે રજુ થયેલ છે જેથી તે હકીકતને સાચુ ન માનવાને કારણ નથી અને અરજદારની ઉંમર ૪૦ વર્ષની હોવાનું જણાવેલ છે. જયારે અકસ્માત તા.૧૧ /૧૧/૦૪ ના રોજ થયેલો છે જયારે આ કામના મુળ અરજદાર તા.૧૨/૮/૧૧ ના રોજ ગુજરી ગયા છે તે હકીકત ધ્યાનેલેવામાં આવે તો આ કામના અરજદાર સાત વર્ષ પછી ગુજરી ગયેલા હોય તેઓને તેથી અરજદારને ૭ વર્ષનો મલ્ટી પ્લાયર (ગુણાંક) મળવા પાત્ર છે.

આ કામના અરજદારની અરજીની હકીકત ધ્યાને લેવામાં આવે તો અરજદારે તેમની અરજી તેમજ સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, અકસ્માત સમયે તેઓ કંડકટર તરીકે નોકરી કરતા હતા અને તેમાંથી મહીને રૂા. ૩૮૦૦/– કમાતા હતા તેમ જણાવેલ છે પરન્તુ તે હકીકતના સમર્થનમાં અરજદાર તરફે કોઈ લેખિત પુરાવો રજુ કરેલ નથી કે કોઈ સાક્ષી તપાસેલા નથી જેથી અરજદારની આવક સબંધી અરજદાર તરફે કોઈ ઠોસ અને મજબુત પુરાવો રજુ કરેલ ન હોય, તે સંજોગોમાં વળતરની ગળતરી કરવાના હેતુસર અરજદારની માસિક આવક રૂા.૩૮૦૦/– હોવાની હકીકત સ્વીકારી શકાય તેમ નથી અને અકસ્માત સમયે તેમની ઉંમર ૪૦ વર્ષની હતી અને અકસ્માત ૨૦૦૪ ના વર્ષમાં થયેલ આ તમામ હકીકત ધ્યાને લેવામાં આવે તો અકસ્માત સમયે અરજદારની માસિક આવક રૂા.૩૦૦૦/– વળતરની ગળતરી કરવાના હેતુસર ધ્યાને લેવામાં આવે તો તે રકમ

યોગ્ય, વ્યાજબી અને કાયદેસરની જણાય છે.

આ કામે અરજદારની અરજીની હકીકત ધ્યાને લેવામાં આવે તો અકસ્માતમાં અરજદારને ડાબા પગે ઘુંટણના નીચેના ભાગે નળામાં અસ્થિભંગ થયેલો. જમણા પગે પાની તેમજ પંજાના ભાગે ગંભીર ઈજાઓ થયેલી. તથા ડાબા હાથના કાંડાના ભાગે અસ્થિભંગ થયેલો અને માથામાં તેમજ શરીરના અન્ય ભાગે ઈજાઓ થયેલી અને તેના કારણોસર તેઓએ ચિંતન હો. માં અંદરના દર્દીતરીકે સારવાર લીધેલી તેમજ કાયમી ખોડ અંગેની આકરણી તેઓએ ડો.શ્રી. મનીષ બી. પટેલ પાસે તેમની કાયમી ખોડ અંગેની આકારણી કરાવતાં ડો.શ્રીએ તેઓને ૪૦ ટકા કાયમી ખોડ હોવાનું જણાવેલ અને તે સબંધી તેઓએ સર્ટીફીકેટ આપેલ તે સર્ટીફીકેટ સબંધી આંક-૪૮ થી રજુ કરેલ છે. પરન્તુ અરજદારે આ કામે આંક-૪૭ થી કાયમી ખોડ ઘટાડા અંગેની પુરશીશ રજુ કરેલ છે. અને તેમાં અરજદારે તેમની કાયમી ખોડ ૪૦ ટકાથી ઘટાડી ૨૦ ટકા રાખવા સંમત થયેલ છે. જેથી વળતરની ગણતરી કરવાના હેતુસર અરજદારની કાયમી ખોડ ૨૦ ટકા રાખવામાં આવેલ છે.

ઉપર ચર્ચા કરી તે મુજબ અરજદારની માસિક નોશનલ ઈન્કમ રૂા.૩૦૦૦/- ઠરાવી છે. જયારે અરજદારની કાયમી ખોડ ૨૦ ટકા હોવાનું જાહેર કરેલ છે જેથી અરજદારની માસિક આવક રૂા.૩૦૦૦/- ના ૨૦ ટકા કાયમી ખોડ એટલે રૂા.૬૦૦/- થાય. આમ, અરજદારને એક માસનું નુકશાન રૂા.૬૦૦/- થાય છે જેને ૧૨ માસ વડે ગુણતાં તે રકમ રૂા. ૭૨૦૦/- થાય છે. આમ, અરજદારને એક વર્ષની આવકનું નુકશાન રૂા.૭૨૦૦/- થાય છે. તેને ૭ ના ગુણાંક વડે ગુણતા

તે રકમ રૂા.૫૦,૪૦૦/– થાય છે. આમ , અરજદારને તેઓને અકસ્માતમાં જે ઈજાઓ થયેલી તેના કારણે ભવિષ્યના આવકનું નુકશાન થયેલ તે રકમ રૂા. ૫૦,૪૦૦/– થાય છે જે આ કામના અરજદાર મેળવવા હકદાર છે જે રકમ યોગ્ય, વ્યાજબી અને ન્યાયસરની જણાય છે.

## (૩) <u>વાસ્તવીક આવકનું નુકશાન :–</u>

આ કામે અગાઉ ચર્ચા કરી તે મુજબ અરજદારની માસિક નોશનલ ઈન્કમ રુા.૩૦૦૦/– ધ્યાને લેવામાં આવી છે. તેમજ અરજદારને જે ઈજાઓ થઈ છે અને તેની સારવાર અરજદારે અંદરના દર્દી તરીકે લીધેલ છે તે સંજોગોમાં અરજદારને સારવાર તેમજ આરામ લેવાની જરૂર હોય અને તે કારણોસર અરજદાર બે માસ સુધી તેમનું કામ કરી શકેલા નહી તે માનવાને પુરતુ કારણ છે જેથી અરજદાર તે બે માસના આવકની નુકશાની મેળવવા હકદાર છે. જે રકમ રૂા. ૬૦૦૦/–છે. જે રકમ આ કામના અરજદારને અપાવવી યોગ્ય, વ્યાજબી અને ન્યાયસરની ગણાશે.

## (૪). <u>મેડીકલ એકસપેન્સીસ :–</u>

આ કામના અરજદારને જે ઈજાઓ થયેલ છે તે ઈજાના કારણે તેઓએ ચિંતન હો. માં અંદરના દર્દી તરીકે સારવાર લીધેલ છે અને તે સંબંધી અરજદારે આ સબંધી આંક–૪૬ થી ચિંતન હોસ્પિટલનું ઈન્ઝરી સર્ટીફીકેટ રજુ કરેલ છે તેમજ તેઓને ઈજાના કારણે ૪૦ ટકા ખોડ હોવા સબંધે આક–૪૮ થી ડીસએબીલીટી સર્ટીફીકેટ રજુ કરેલ છે જે ઘટાડી ૨૦ ટકા કાયમી ખોડ રાખવા સંમત થયેલ છે તે તમામ હકીકતો

દ યાને લેવામાં આવે તો અરજદારને અંદરના દર્દી તરીકે સારવાર લીધી હોય તે સંજોગોમાં તેઓને દવા તેમજ સારવારનો ખર્ચ થયેલ છે પણ તેઓએ આ કામે દવા તેમજ સારવાર અંગે કોઈ બીલો રજુ કરેલા નથી. જેથી અરજદારને દવા સારવાર અંગેની યોગ્ય રકમ આપવી જરુરી જણાતું હોય અરજદારને તેવી વળતરની રકમ રૂા.૨૦૦૦/– આપવામાં આવશે તો તે રકમ યોગ્ય, વ્યાજબી અને ન્યાયસરની જણાય છે.

(૫) <u>સ્પે.ડાયેટ ટ્રાન્સફોર્ટેશન એન્ડ એટેન્ડન્ટ ચાર્જીસ :–</u>

આ કામે ઉપર ચર્ચા કરી તે મુજબ અરજદારને અકસ્માતમાં થયેલ ઈજાઓને કારણે તેઓને ચિંતન હોસ્પિટલ, ધોળકા ખાતે અંદરના દર્દી તરીકે સારવાર લીધેલ છે. જયારે અરજદાર અંદરના દર્દી તરીકે આટલો લાંબો સમય સારવાર લેતાં હોય ત્યારે તેઓની સાથે એક વ્યકિત હાજર રહે તે માનવાને પુરતુ અને વ્યાજબી કારણ છે અને તેઓને થયેલ ઈજાના કારણે તેઓને ખાસ–ખોરાક તેમજ આવવા જવા માટેનો વાહન વ્યવહાર અને એટેન્ડેન્ટ એટલે કે તેમની સાથે રહેતી વ્યકિત માટે ખર્ચ કર્યો હોય તેઓને તે સંબંધી યોગ્ય, વ્યાજબી રકમ આપવી જોઈએ અને તે બાબતે તેઓને રૂા.૮૦૦૦/– આપવામાં આવશે તો તે યોગ્ય, વ્યાજબી અને ન્યાયસરનું જણાશે.

આમ, ઉપર જણાવ્યા મુજબ આ કામના અરજદાર નીચે મુજબની વળતરની રકમ મેળવવા હકકદાર છે.

| | | |
|---|---|---|
| (૧) | **પેઈન શોક એન્ડ સફરીંગ** | **:- ૦,૦૦૦/-** |
| (૨) | **ભવિષ્યના આવકની નુકશાની** | **:- ૫૦,૪૦૦/-** |
| (૩) | **એકચ્યુઅલ લોસ** | **:- ૬,૦૦૦/-** |
| (૪) | **મેડીકલ એકસપેન્સીસ** | **:- ૨,૦૦૦/-** |
| (૫) | **સ્પે.ડાયેટ ટ્રાન્ફોર્ટેશન એન્ડ એટેન્ડન્ટ** | **:- ૮,૦૦૦/-** |
| | **કુલ ટોટલ** | **:-૬૬,૪૦૦/-** |

**(૬) લાયબલીટી (જવાબદારી) :-**

અગાઉ આ કામે મુદ્દા નં.૧ માં ચર્ચા કરી તે મુજબ અકસ્માત ટ્રક નં. આર . જે. ૨૭.૧.જી.૦-૭૨૪ ના ડ્રાયવર એટલે કે સામાવાળા નં૧ ની બેદરકારી અને નિષ્કાળજીને કારણે બનેલ છે. અને અકસ્માત સમયે સામાવાળા નં.૧ ટ્રકના ડ્રાયવર હતા સામાવાળા નં. ૨ ટ્રકના માલીક અને સામાવાળા નં.૩ ની વીમા કંપની હતી અને અકસ્માત સમયે સદરહુ ટ્રકનો સામાવાળા નં.૩ વીમા કંપની પાસે વીમો ઉતરાવેલો હતો. અને તેનો પોલીસી નં.૩૭૦૩૦૧/૩૧/૦૪ /૬૩૦૯૨૯૬ નો હતો અને તે વીમાનો સમય તા . ૧/૪/૨૦૦૪ થી તા. ૩૧/૫/૨૦૦૫ નો હતો અને તે હકીકત સામાવાળા નં. ૩ નાએ તેઓના આંક-૧૫ ના જવાબમાં સ્વીકારેલી છે. જયારે અકસ્માત તા. ૧૧/૧૧/૦૪ ના રોજ થયેલ છે .આમ, વીમાના સમયમાં અકસ્માતની તારીખનો સમાવેશ થઈ જાય છે. જેથી સામાવાળા નં. ૧ તથા ૨ ના આ કામના અરજદારને ઉપર જણાવેલ વળતરની રકમ રૂા.૬૬,૪૦૦/- નવ ટકાના

વ્યા તથા સપ્રમાણ ખર્ચ સાથે ચુકવવા જવાબદાર છે. જેથી તે મુજબ મુદા નં.૨ નો જવાબ તે મુજબ હકારમાં આપુછુ અને નીચે મુજબનો આખરી હુકમ કરુ છુ.

**<u>: હુકમ :</u>**

અરજદારની હાલની અરજી અંશત: મંજૂર કરવામાં આવે છે.

(૧) આ કામના અરજદારે સામાવાળા નં.૨ તથા ૩ પાસેથી સંયુકત તથા વિભકત રીતે વળતરની રકમ રૂા. ૬૬,૪૦૦/– (અંકે રુપીયા છાંસઠ હજાર ચારસો પુરા ) રકમ અરજીની તારીખથી વસુલ થતા સુધી ૯ % ના સાદા વ્યાજ તથા સહ પ્રમાણ ખર્ચ સાથે વસુલ મેળવવા.

(૨) જયારે સામાવાળા નં. ૧ સામેની હાલની વળતર અરજી રદ કરવામાં આવે છે.

(૩) ઉપરોકત વળતરની રકમ જમા થયેથી અરજદારને જો વચગાળાના વળતર તરીકે જો કોઈ રકમ ચુકવવામાં આવી હોય તો તે રકમ તથા કોર્ટ ફી સ્ટેમ્પની રકમ બાદ કરવાની રહેશે.

(૪) ત્યારબાદ બાકી રહેતી રકમમાંથી આ કામના અરજદારને ૫૦% વળતરની રકમ તેમના નામના એકાઉન્ટ પેઈ ચેકથી ચુકવી આપવી અને ત્યાર બાદ બાકીની ૫૦% વળતરની રકમ અરજદારના નામે તેમની

પસંદગીની કોઈપણ રાષ્ટ્રીયકૃત બેન્કમાં ૬ વર્ષના સમય માટે બાંધી મુદતની થાપન તરીકે મુકવી. જે રકમ અરજદાર આ ટ્રીબ્યુનલની પરવાનગી વિના ઉપાડી શકશે નહી કે તેની ઉપર કોઈ લોન મેળવી શકશે નહી પરંતુ આ થાપન ઉપર વખતો વખત થતુ વ્યાજ મેળવવા તેઓ હકકદાર રહેશે.

ઉપરોકત હુકમ મુજબ એવોર્ડ દોરવો.

હુકમ આજ રોજ **તા.: ૨૫ મી, માહે : જુલાઈ , સને: ૨૦૧૮** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ.:અમદાવાદ.

તા.: ૨૫/૦૭/૨૦૧૮

**(ડી.પી. ગોહિલ )**

બીજા એડીશનલ સેશન્સ જજ
યુ.આઈ.સી.નં.જી.જે.૦૦૪૬૫
અમદાવાદ(ગ્રામ્ય)મીરજાપુર.

સ્ટેનો:પલકા